CITY પલ્સ

HERITAGE DAY Special




email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૭ એપ્રિલ, ૨૦૨૬

## ચાલો યાદ કરીએ સુરતના ઇતિહાસને

# ક્યાં ખોવાઈ અંગ્રેજો અને પોર્ટુગીઝોની કોઠી, યહૂદીઓનું કબ્રસ્તાન



આપણે 18 એપ્રિલના રોજ વર્લ્ડ હેરિટેજ ડે ઉજવવા જઈ રહ્યા છીએ પણ મારે તમને એક સવાલ કરવો છે તમે સુરતમાં રહીને સુરતના ભવ્ય ઈતિહાસને કેટલો જાણો છો? મોટાભાગના લોકોને કિલ્લો અને મુગલ સરાઈ કે જેમાં SMC ઓફિસ છે અને કેટલાંક ધાર્મિક સ્થળો વિશે માહિતી હશે. બહુ બહુ તો આર્મેનિયન કબ્રસ્તાનનો ખ્યાલ હશે. અંગ્રેજોએ સુરત પર પણ રાજ કરેલું તેમણે સુરતમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કમ્પની (અંગ્રેજોની કોઠી) સ્થાપી હતી એવું ઈતિહાસમાં ભણાવવામાં આવે છે પણ તે સુરતના ક્યા વિસ્તારમાં હતી હવે ત્યાં શું છે, ડચ ગાર્ડન ડચ રોડ આ નામ સાંભળ્યું છે પણ ત્યાં ડચ લોકોની ઈમારતો કઈ કઈ હતી તેનો ખ્યાલ ઘણા સુરતીઓને નહીં હોય. યહૂદી પ્રજા પણ સુરતમાં આવીને વસી હતી આ યહૂદીઓના કબ્રસ્તાન સુરતમાં ક્યાં હતા અને હવે ત્યાં શું છે, આપણે કિલ્લાની મુલાકાત લઈએ છીએ ત્યારે તેમાંનું મ્યુઝિયમ આકર્ષણ જગાવે છે. કિલ્લા પહેલાં આ મ્યુઝિયમ ક્યાં હતું. સુરતમાં ઈતિહાસ ક્યાં ક્યાં જીવિત હતો, એ જગ્યાઓ પર હવેના સમયમાં શું છે? આ બધા પ્રશ્નોના ઉત્તર મેળવવાની કોશિશ આપણે આ લેખના માધ્યમથી કરીએ.....

### આઈ પી મિશન સ્કૂલ નજદીક હતી અંગ્રેજોની કોઠી

અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે તેમને 1613માં ઈંગ્લીશ ઈસ્ટ ઈન્ડિયા કમ્પની સ્થાપવા માટે બાદશાહી ફરમાન મળતા તેમણે મુલ્લા ચકલા વિસ્તારમાં મુગલ સરાઈ પાસે આઈ પી મિશન સ્કૂલની સામે કોઠીની સ્થાપના કરી હતી. તેમને કમ્પની સ્થાપવા માટે અહીં ખ્વાજા હસન અલી પાસેથી વાર્ષિક 1400 મહમુદી ભાડાપટ્ટાથી મકાન ભાડે લીધું હતું. પાછળથી નદી કાંઠે હાલમાં પાતળિયા હનુમાન જ્યાં છે તે મુલ્લા બારીના નાકે કોઠીનો વિસ્તાર વધારવામાં આવ્યો હતો. અંગ્રેજોએ વેપારી કેન્દ્ર મુંબઈ ખસેડયું ત્યાર બાદ આ મકાન 1830માં કૂપર નામના પારસીને વેચી દેવાયું હતું તેથી તે મકાન કૂપર હાઉસ તરીકે ઓળખાવા લાગ્યું,જે હાલમાં તો સંપૂર્ણ નષ્ટ થઈ ગયું છે. એક કાળે નદીમાં પુરાણ નહોતું ત્યારે અહીં વહાણો લાંગરવામાં આવતા હતાં.



### પોર્ટુગીઝ કોઠી પછીથી પારસી ધર્મશાળા તરીકે વપરાતી

મુગલ સરાઈ વિસ્તારમાં આઈપી મિશન સ્કૂલ સામે પોર્ટુગીઝોની કોઠી હતી, પાછળથી તે મકાનમાં શેઠ પીસ્ટન ઉકડજી શેઠની ધર્મશાળા તરીકે વપરાતી. પોર્ટુગીઝોની મુખ્ય કોઠી ખંભાતમાં હતી એટલે સુરતમાં તેમનો વેપારી એજન્ટ જ રહેતો હતો. તે હવે ધ્વસ્ત હાલતમાં હોવાનું જાણવા મળે છે. પોર્ટુગીઝોની નિશાની રૂપે એક લેખ પણ જોવા મળે છે. અહીં જ મુલ્લાચોક વિસ્તારમાં 1668માં ફ્રેન્ચ કોઠી સ્થાપવામા આવી હતી. જોકે, ફ્રેન્ચ કોઠી વધારે ટકી શકી નહીં હતી. 1719માં દેવાદાર સ્થિતિમાં જ ફ્રેન્ચ વેપારીઓ તાપીમાર્ગે સુરતથી રવાના થઈ ગયા હતા.



### કતારગામ વિસ્તારમાં બે જગ્યા પર યહૂદીઓના કબ્રસ્તાન હતાં



સુરતના ઈતિહાસનું બારીકાઈથી અભ્યાસ કરનારા સંજય ચોકસીએ યહૂદીઓના કબ્રસ્તાન વિશે જણાવ્યું કે, સુરતમાં લગભગ 18મી સદીની શરૂઆતમાં વેપાર અર્થે સ્થાયી થયેલી યહૂદી પ્રજાએ પોતાનો અલગ રહેણાંક વિસ્તાર બનાવ્યો હતો. જે ખાસ કરીને જયુઈશ મર્ચન્ટ કોલોની તરીકે ઓળખાતી હતી. 19મી સદીના અંતમાં તેઓ સુરતથી મુંબઈ અને કોલકાતા તરફ પ્રયાણ કરી ગયા હતાં. આ યહૂદી પ્રજા મુખ્યત્વે મહારાષ્ટ્રમાં વસેલી બેને ઈઝરાયલ કોમની તેમજ બગદાદ તરફની હતી, તે પછી બસરા, સિરિયા, એડન, પર્શિયા અને અફઘાનિસ્તાન તરફની પ્રજા પણ અહીં આવી હતી. સુરતમાં લાંબા વસવાટને કારણે યહૂદી પ્રજાએ પણ તેઓનું અલગ કબ્રસ્તાન બનાવ્યું હતું. કતારગામ ઈલેક્ટ્રિક સબસ્ટેશન નજીકનું કબ્રસ્તાન બગદાદી જયુઈશ મર્ચન્ટ પ્રજાનું અને કતારગામ મેઈન રોડ ઉપરનું કબ્રસ્તાન બેને જયુઈશ પ્રજાનું હતું. આ બંને કબ્રસ્તાનો નષ્ટ થઈ ગયા છે. તેઓ સુરતમાં ક્યાં સ્થાયી થયા હતા તેની વધુ માહિતી ઉપલબ્ધ નથી પણ તેમની કબરો ઉપર હિબ્રુ લિપિમાં આરસના પથ્થર પર લખાણ લખવામાં આવ્યું હતું. તેના પરથી તેઓ સુરતમાં સ્થાયી થયા હતા એવું જાણવા મળે છે.




### પોર્ટુગીઝ કોઠી પછીથી પારસી ધર્મશાળા તરીકે વપરાતી



હવે તો મ્યુઝિયમ કિલ્લામાં સ્થિત છે. 136 વર્ષ પહેલાં અત્યારનો ગાંધી બાગ જે એ સમયે વિક્ટોરિયા ગાર્ડન તરીકે જાણીતો હતો, તેના મક્કાઈપુલના છેડે એક મકાનના ઓરડામાં સંગ્રહસ્થાન શરૂ થયું હતું જેનું નામ તે સમયના સુરતના કલેક્ટરના નામ પરથી વિન્ચેસ્ટર મ્યુઝિયમ નામ અપાયું હતું. જેમાં તે સમયે જરીકામ, સુખડકામ, કાષ્ઠ કોતરણી અને ધાતુકામના 1000 નમૂનાઓ રાખવામાં આવ્યા હતાં. 1953માં ચોકબજારમાં ગુજરાતમિત્ર પ્રેસની બાજુમાં લેલી વિવિંગ શેડ નામના મોટા મકાનમાં ખસેડવામાં આવ્યું હતું. 1957માં વિન્ચેસ્ટર નામ બદલીને મ્યુઝિયમને સરદાર વલ્લભભાઈ પટેલ સંગ્રહસ્થાન નામ આપવામાં આવ્યું હતું. 2009માં મ્યુઝિયમને સાયન્સ સેન્ટર સિટીલાઈટ રોડ પર ખસેડાયું હતું હવે આ મ્યુઝિયમ ચોકબજારના કિલ્લામાં છે.

### 500 વર્ષ જૂનું કસ્ટમ હાઉસ 2014માં ધ્વસ્ત થયું

2014ની સાલ સુધી ચોકબજારથી મુગલ સરાઈ તરફ જવાના રસ્તે 500 વર્ષ જૂનું કસ્ટમ હાઉસનું સ્ટ્રક્ચર હતું જેને ફુરજા કહેતા હતાં. તેને ધ્વસ્ત કરવામાં આવ્યું હતું. 15મી 16મી સદીમાં બનેલા આ કસ્ટમ હાઉસ ખાતે જ્યારે વેપારીઓ માલસામાન સુરતમાં લાવતા ત્યારે તેમની પાસેથી જકાત વસુલવામાં આવતી હતી. આ ઐતિહાસિક બિલ્ડીંગમાં ઘણા વર્ષો સુધી ક્રાઈમ બ્રાન્ચ અને ચોકબજાર પોલીસ સ્ટેશન ચાલતું હતું. મુગલકાળ અને તે પહેલાના સમયમાં અહીંથી આયાત નિકાસ પર ટેક્સ વસુલવામાં આવતો હતો. સુરત પોર્ટના માધ્યમથી સોના, ચાંદી, મસાલા અને કપડાના વેપાર પર અહીં ટેક્સ લાગતો હોવાનું જાણવા મળે છે.



### ડચ કોઠી પ્રથમ તો કામચલાઉ રીતે બડેખાં ચકલા વિસ્તારમાં હતી



ડચ એટલે કે વલંદાઓની પ્રથમ કામચલાઉ કોઠી 1620માં પિટર વાન ડેન બ્રોક જાવાથી ડિરેક્ટર તરીકે સુરત આવ્યો ત્યારે બડેખાં ચકલા વિસ્તારમાં સ્થાપવામાં આવી હતી. હાલ ત્યાં શહેરની એક પ્રખ્યાત સ્કૂલ હોવાનું ઈતિહાસની બુકના પાના ઉથલાવતા જાણવા મળે છે. પાછળથી 1762માં ત્યાંથી કમ્પની ખસેડીને મક્કાઈ પુલ અને નાવડી ઓવરાની વચ્ચેના સ્થળ પર લઈ ગયા હતા. આ વિસ્તાર પહેલા જહાંગીરી બંદર તરીકે ઓળખાતો પણ ડચ અહીં વસતા ડચ બંદર રોડ તરીકે ઓળખાતો. અહીં ગાર્ડન છે તેને ડચ ગાર્ડન કહે છે. નાનપુરા પોસ્ટ ઓફિસનું જે મકાન છે તે મકાન પણ ડચ રહેણાંક વિસ્તારનું છે. ડચોએ 1788માં સુરત છોડ્યું ત્યાર બાદ તેમની મિલકતોનો કબજો અંગ્રેજોએ લઈ લીધો હતો.

### અંગ્રેજોના સમયનો હોપપુલ બ્રિજ 2015માં ઇતિહાસ બનાવી દેવાયો

હોપપુલ તો 2015ની સાલ સુધી અસ્તિત્વમાં હતો. આ બ્રિજ અંગ્રેજોના સમયમાં 1883ના વર્ષમાં લોકો માટે ખુલ્લો મુકાયો હતો. તે સમયે આ બ્રિજ 8 લાખ રૂ.ના ખર્ચે બન્યો હતો. તે બ્રિજને તત્કાલીન કલેક્ટર મિ. થિયોડર હોપનું નામ આપવામાં આવ્યું હતું. 1966માં સુરતમાં આવેલી રેલમાં આ બ્રિજને નુકસાન થતા તેને લોકોના ઉપયોગ માટે બંધ કરાયો હતો. 2015માં આ બ્રિજને તોડી પાડવામાં આવ્યો અને તેના સ્થાને નવો બ્રિજ બનાવાયો. હોપપુલને સુરતીઓ ક્યારેય નહીં ભૂલે તે માટે તેનો એક સ્પાન પાલ લેક્ગાર્ડનમાં સ્થાપિત કરાયો છે.

---

# હોર્મુઝ ખાડી મારફતે સુરતમાંથી કાપડ, ગળી, મસાલા ઈરાન-આરબ દેશોમાં જતાં

*છેલ્લા કેટલાંય દિવસોથી આપણે રોજ સવારે હાથમાં છાપું લઈએ ત્યારે તેમાં હોર્મુઝ અને ટ્રમ્પના ન્યૂઝ દેખાય જ છે. હોર્મુઝની ખાડી પર્શિયન ગલ્ફ અને ઓમાનના અખાત વચ્ચેનો એક અત્યંત મહત્ત્વનો સાંકડો જળમાર્ગ છે. વિશ્વનો લગભગ 20%થી વધુ તેલ પુરવઠો આ માર્ગમાંથી પસાર થાય છે. ઈરાન અને અમેરિકા વચ્ચેના તણાવમાં આ વિસ્તાર પ્રતિષ્ઠાનો જંગ રહ્યો છે. તમે જો ઈતિહાસના પુસ્તકો વાંચશો તો જાણવા મળશે કે હોર્મુઝની ખાડી અને સુરત વચ્ચેનો સંબંધ સદીઓ જૂનો અને અત્યંત મહત્ત્વપૂર્ણ રહ્યો. એ સમયે જુદા જુદા દેશોના બંદરોના વહાણો પોતાના દેશના વાવટાઓ પોતાના વહાણો પર ચઢાવતા હતાં. આ બધા વહાણો સુરતના બંદરે જ્યારે લાંગરતા ત્યારે ઘણા દેશોના વાવટાઓ જોવા મળતા. આ જ કારણે સુરત ચોર્યાસી બંદરના વાવટા તરીકે જાણીતું થયું હતું. જ્યાં જ્યાંથી વહાણો સુરત આવતા તેમાં હોર્મુઝનું પણ નામ છે. તો ચાલો હોર્મુઝ અને સુરતના સદીઓ જુના કનેક્શન વિશે વિસ્તારપૂર્વક જાણીએ...*





### અરબી ઘોડાઓનો વેપાર




મધ્યકાલીન સમયમાં વિજયનગર સામ્રાજયથી લઈને મુઘલ સલ્તનત સુધી યુદ્ધ માટે જરૂરી અરબી અને પર્શિયન ઘોડાઓ હોર્મુઝ ખાડીના બંદરોથી મોટા જહાજોમાં ભરીને સુરત લાવતા. સુરતના વેપારીઓ હોર્મુઝમાં સુતરાઉ કાપડનું વેચાણ કરતા જે નફો મળતો તેનો મોટો હિસ્સો આ કિંમતી ઘોડાઓની ખરીદી પાછળ ખર્ચ કરતા.

### સદીઓ પહેલા સુરત અને હોર્મુઝ વચ્ચે નવેમ્બરથી માર્ચ દરમિયાન વહાણોની આવનજાવન થતી



જાણવા મળતી માહિતી અનુસાર સુરતથી હોર્મુઝ જવા માટે ફેબ્રુઆરીથી મોડું કરી શકાતું નહીં. તે જ રીતે હોર્મુઝથી સુરત આવવા માટે માર્ચ મહિનાના અંત સુધી અને કોઈવાર એપ્રિલની 15મી તારીખ સુધી જ રાહ જોઈ શકાતી, જો મોડું થાય ભારતથી પાછા ફરવાનું મુશ્કેલ બનતું. એવું કહેવાય છે કે હોર્મુઝથી વાહણો નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં જ સુરત આવી જતા. જેથી સાનુકૂળ ઋતુમાં જ પાછા ફરી શકાય.હોર્મુઝના વેપારીઓ સુરતના જહાજોને વધુ પસંદ કરતા. અરબી સમુદ્ર અને ગલ્ફના ખારા પાણીમાં યુરોપિયન જહાજો કરતા વધુ ટકી શકતા.



### હોર્મુઝ ખાડી મારફતે સુરતમાંથી શું જતું અને શું આવતું

સુરતથી સુતરાઉ કાપડ, ગળી અને મસાલા આ ખાડીથી પસાર થઈને ઈરાન અને આરબ દેશોમાં જતા. જ્યારે ત્યાંથી મોતી, ઘોડા, કિંમતી પથ્થરો અને સૂકો મેવો( Dry Fruits) સુરત આવતું. હોર્મુઝના માર્ગે ઈરાની મીનાકારી અને લાઈટ બ્લુ રંગની ટાઈલ્સ સુરત આવતી જેનો ઉપયોગ ત્યારના ભવ્ય મકાનોમાં થતો.

### મુલ્લા અબ્દુલ ગફૂરના જહાજો હોર્મુઝ ખાડી થઈને પસાર થતા

મુલ્લા અબ્દુલ ગફૂર સુરતના પ્રભાવશાળી વેપારી હતા. તેમની પાસે 17 જેટલા મોટા જહાજોનો કાફલો હતો. તેમના આ જહાજો રેગ્યુલર સુરતથી હોર્મુઝ ખાડી થઈને બંદર અબ્બાસ કે જે હોર્મુઝનું મુખ્ય પ્રવેશદ્વાર હતું ત્યાં જતા હતા.એવું જાણવા મળે છે કે હોર્મુઝ સાથેના સંપર્કને કારણે સુરતની સ્થાપત્ય શૈલીમાં બદલાવ આવ્યો. સુરતના જુના મકાનો, કિલ્લાની કોતરણી અને બાગ-બગીચાઓમાં ઈરાની શૈલીની ઝલક જોવા મળતી.